# ૨ (૨૧) સિલ્વર રીકવરી

## ૧. પ્રસ્તાવના

### અ. ઉપયોગીતા :-

આજકાલ દરેક ઘરોમાં ચાંદીની જરૂરીયાત રહે છે. આજકાલ સોના કરતાં ચાંદીનો વપરાશ વધતો ગયો છે. ચાંદીના દાગીનાઓ વધારે પ્રમાણમાં વપરાય છે સીલ્વર રીકવરી મશીનથી હાઈપો ફીકચર જેમાં ફોટો-ગ્રાફિક એકસ-રે તથા પ્રોસેસ ફિલ્મ ધોવાય છે. આમાંથી ચોખ્ખી ચાંદી ૯૯૯ ટચની નીકળે છે.

### બ. બજાર અને બજાર વ્યવસ્થા :-

ઉત્પાદકે જાતે તાલુકા અથવા જીલ્લા કક્ષાએ વેચાણ માટે બજાર અને બજાર વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. આ અંગે કોઇ સરકારી/સંસ્થા કે નિગમો વેચાણ કરતા નથી. ચાંદીના દાગીના

વેપારીઓને સીધા વેચાણ કરી શકાય છે.

**ક. ધારણાઓ :-**

૨૪ ગ્રામ ચાંદીની કેપસીટી વાળા મશીનથી જરૂરી સાધનો સાથે જાતે કામ કરી શકાય છે. તેમજ ચાંદી બજારમાં તરતજ વેચી શકાય છે. ઇમ્પોર્ટેડ ફિલ્મમાંથી ચાંદી નીકળતી હોવાથી આપણી નેશનલ વેલ્યુમાં વધારો થાય છે. આ જાતનું કામ સોનીનું કામ જાણકાર કારીગરો સારી રીતે કરી શકે છે. આમ છતાં મશીન ચલાવવાની એક અઠવાડિયાની પ્રત્યક્ષ તાલીમ હોવી જરૂરી છે. જે મશીન બનાવનારઓ તથા અન્યથી મળી શકે છે.

**૨. ઉત્પાદન પ્રક્રિયા :-**

બજારમાંથી ફોટોગ્રાફી એક્સ-રે તથા ફિલ્મ પ્રોસેસ વિ.ની પ્રક્રિયા બાદ વધેલ ચાંદીને દ્રાવણ જરીનું વેસ્ટેજનું દ્રાવણ વિ. ચાંદીના દ્રાવણ બજારમાંથી મેળવ્યા બાદ વધારે દ્રાવણ ભેગા કર્યા બાદ, સીલ્વર રીકવરી મશીનના ડ્રમમાં ચાંદીના વેસ્ટેજ દ્રાવણમાં નાખી મશીનથી સાફ કરવામાં આવે છે. આ મશીનથી દ્રાવણમાં રહેલી ચાંદી રીકવરી કરી તેને સફેદ પાવડરના રૂપમાં ભેગી કરે છે. આ સફેદ પાવડરને ભઠ્ઠીમાં નાખી શુધ્ધ ચાંદી મેળવી શકાય છે.

**૩. ઉત્પાદન ક્ષમતા :-**

એકમની ઉત્પાદન ક્ષમતા ૫ કિ.ગ્રા. દૈનિકની છે.પરંતુ પ્રથમ વર્ષમાં ૫૦% ઉત્પાદન ક્ષમતાનો વપરાશ ગણતા દૈનિક ઉત્પાદન ૨.૫૦૦ કિ.ગ્રામ ચાંદી બનાવવાની ગણેલ છે.

**૪. પરવાના અંગેની ખાસ જરૂરીયાત :-**

આવી કોઇ જરૂરીયાત રહેતી નથી.

**૫. સ્થાયી મૂડી રોકાણ :-**

**અ. જમીન/મકાન**

આ ઉદ્યોગ શરૂ કરવા માટે અંદાજી ૧૨' × ૧૫' બાંધેલી જગ્યાની જરૂરિયાત રહે છે.

**બ. પ્લાન્ટ/મશીનરી/સાધનો/ફર્નીચર વિ.**

| અ.નં. | સાધનોનું વર્ણન | સંખ્યા | કિંમત (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | સીલ્વર રીકવરી મશીન ૨૫ ગ્રામ કેપસીટી વાળું | ૧ | રૂ. ૯,૦૦૦/- |
| (૨) | પ્લાસ્ટીક ડ્રમ્સ ૧૦, ૨૦, ૫૦, લીટરના | - | રૂ. ૨,૦૦૦/- |
| (૩) | વજન કાંટો, તોલા વિ. પરચુરણ સાધનો | - | ૨૫,૦૦/- |
| કુલ | | | રૂ. ૧૩,૫૦૦/- |

**ક. ઓફીસ ફર્નીચર વિ. :-**

| | |
|---|---|
| ટેબલ, સ્ટુલ, ખુરશી, કબાટ વિ. | રૂ. ૩,૦૦૦/- |

**૬. કુલ સ્થાયી મૂડી રોકાણ :-** **રૂ. ૧૬,૫૦૦/-**

**૭. ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ) :-**

કાચોમાલ જેવો કે ચાંદીના વેસ્ટેજ દ્રાવણ ૧ માસનો તથા ૧ માસનો પગાર અને પાવર ખર્ચ મળીને કુલ રૂ. ૧૦,૦૦૦/-

**૮. કુલ મૂડી રોકાણ :-** **રૂ. ૨૬,૫૦૦/-**

**૯. બેંક (પ્લાન્ટ/મશીનરી તથા કાર્યકારી ભંડોળ) :-**

બેંક લોન ૩ (ત્રણ) માસના મોરેટોરીયમ પીરીયડ બાદ ૬૦ માસિક હપ્તાથી ભરપાઈ કરવાની રહે. વ્યાજનો દર ૧૪ ટકા ગણેલ છે. રૂ. ૨૬,૫૦૦/-

**૧૦. આવર્તક ખર્ચ (ઉત્પાદન ખર્ચ) માસિક :-**

| | | |
|---|---|---|
| અ. | કાચોમાલ | રૂ. ૧૦,૦૦૦/- |
| બ. | પગાર ખર્ચ | |
| | ૩ વ્યક્તિ × રૂ. ૨૨/- દૈનિક × ૨૫ દિવસ | રૂ. ૧,૬૫૦/- |
| ક. | પાવર ખર્ચ | રૂ. ૧,૦૦૦/- |
| ડ. | બેંકનો હપ્તો વ્યાજ સાથે | રૂ. ૬૭૫/- |
| ઈ. | પેકીંગ ખર્ચ | રૂ. ૧૦૦/- |
| ફ. | ઘસારા ખર્ચ | રૂ. ૨૦૦/- |
| જ. | રીપેર, સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વિ. | રૂ. ૫૦૦/- |
| ઝ. | મકાન ભાડું | રૂ. ૭૦૦/- |
| ઈ. | અન્ય ખર્ચ | રૂ. ૪૨૫/- |
| | **કુલ આવર્તક ખર્ચ** | **રૂ. ૧૫,૨૫૦/-** |

**૧૧. કુલ વેચાણ (માસિક) :-**

માસિક ૪૦૦ લીટર હાઈપો ફીકચરમાંથી સામાન્ય રીતે ૧ લીટર હાઈપો ફીકચરમાંથી સરેરાશ ૬.૨૫ ગ્રામ ચાંદી નીકળે છે.

માસીક ૪૦૦ લીટર હાઈપોફિકચરમાંથી ચાંદી કાઢી શકાય માટે લીટર ૪૦૦ × ૬.૨૫ કિ.ગ્રા. હાલમાં ચાંદીના ભાવ રૂ. ૬,૯૦૦/- કિ.ગ્રા = ૨.૫૦૦ કિ.ગ્રા. છે. વેચાણ ભાવ ૨.૫ × ૬,૯૦૦ = રૂ. ૧૭,૨૫૦/-

**૧૨. નફાતોટાનો અંદાજ (માસિક) :-**

| | |
|---|---|
| કુલ વેચાણ માસિક | રૂ. ૧૭,૨૫૦/- |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | રૂ. ૧૫,૨૫૦/- |
| ચોખ્ખો નફો માસિક | રૂ. ૨,૦૦૦/- |

**૧૩. અન્ય વિગતો :-**

આજકાલ ચાંદીની માંગ દિન-પ્રતિદિન વધતી જાય છે. દાગીનાઓ ,મંદિરના આભૂષણો પુજાના વાસણો ભેટ આપવાની વસ્તુઓ વિગેરેની ખૂબજ માંગ હોવાથી ચાંદીની જરૂરીયાત ખૂબજ રહે છે.

**૧૪. કાચામાલના ઉત્પાદકો/વિતરકો :-**

ડોકટરી હોસ્પીટલ, રેડીયોલોજીસ્ટ, પ્રોસેસ બ્લોક મેકીંગ સ્ટુડીયોમાંથી સહેલાઇથી મળી શકે છે.

**૧૫. મશીનરી/સાધનો/ડાઈઝટુલ્સના ઉત્પાદકો/વિતરકો :-**

(૧) એકલ્યુડ મેન્યુફેકચરીંગ કું., રામબાગ કોલોની, એલ.બી.શાસ્ત્રી માર્ગ, પૂના-૪૧૧ ૦૩૦

(૨) હાલમાં મુંબઈમાં અનેક કંપનીઓએ આ પ્રકારના મશીનો બનાવવાની શરૂઆત કરેલ છે.